શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૧
અંક : ૩

**આખા વિશ્વમાં ગરીબીનો તેના તમામ સ્વરૂપોમાં અંત આણવો**

**૧.૧** વર્ષ ૨૦૩૦ સુધીમાં આખા વિશ્વમાં, હાલમાં જેમની દૈનિક આવક ૧.૨૫ ડોલર કરતા પણ ઓછી છે તેવા તમામ લોકો માટે કારમી ગરીબી જડમૂળમાંથી નાબૂદ કરી નાખવી.

**૧.૨** વર્ષ ૨૦૩૦ સુધીમાં રાષ્ટ્રીય વ્યાખ્યાઓ અનુસાર તમામ પ્રકારની ગરીબીમાં જીવતા દરેક વયના સ્ત્રી, પુરુષ અને બાળકોનું પ્રમાણ ઘટાડીને ઓછામાં ઓછું હાલમાં છે તેના કરતા અડધું કરી દેવું.

**૧.૩** રાષ્ટ્રીય સ્તરે યોગ્ય સામાજીક રક્ષણ પ્રક્રિયાઓનો અમલ કરવો અને તેનુ ન્યૂનતમ પ્રમાણ નિર્ધારીત કરવું અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ગરીબો તથા પીડિતોને નોંધપાત્ર સ્તરે લાભ પહોંચાડવો.

**૧.૪** વર્ષ ૨૦૩૦ સુધીમાં એ સુનિશ્ચિત કરવું કે તમામ સ્ત્રીઓ અને પુરૂષો, ખાસ કરીને ગરીબો અને પીડિતોને આર્થિક સંસાધનો ઉપરાંત મૂળભૂત સેવાઓ, જમીન પર માલિકીનો હક અને નિયંત્રણ તેમજ અન્ય તમામ પ્રકારના સંપતિ, વારસાઈ, કુદરતી સંસાધનો, યોગ્ય નવી ટેકનોલોજી અને સૂક્ષ્મધિરાણ સહિત નાણાકીય સેવાઓના અન્ય સ્વરૂપ સુધી પહોંચે.

**૧.૫** વર્ષ ૨૦૩૦ સુધીમાં ગરીબો તથા વિપરીત પરિસ્થિતિમાં વસતા લોકો માટે પ્રતિરોધક ક્ષમતાનું નિર્માણ કરવું અને વાતાવરણ સંબંધિત વિષમ ઘટનાઓ તેમજ અન્ય આર્થિક, સામાજીક અને પર્યાવરણને લગતી આપતી અને હોનારતોનો ભોગ બનવાના પ્રમાણમાં ઘટાડો કરવો.

**૧.૬** ગરીબીનો તેના તમામ સ્વરૂપોમાં અંત આણવા કાર્યક્રમો અને નીતિઓનો અમલ કરવા, વિકાસશીલ દેશો, ખાસ કરીને સૌથી ઓછા વિકસિત રાષ્ટ્રો માટે પર્યાપ્ત અને ધારણાક્ષમ સાધનો પૂરા પાડવા માટે વિસ્તારેલા વિકસિત સહકાર સહિતના માધ્યમો દ્વારા સંખ્યાબંધ સ્ત્રોતો થકી સંસાધનોનું નોંધપાત્ર એકત્રીકરણ સુનિશ્ચિત કરવું.

**૧.૭** ગરીબો તરફી અને લીંગ સંવેદનશીલ વિકાસ વ્યૂહો આધારિત રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે સુચારૂ નીતિ માળખાનું નિર્માણ કરવું અને ગરીબી ઉન્મૂલનની દિશામાં ઝડપી નિવેશને સહાયભૂત થવું.

***સંદર્ભ : સાતત્યપુર્ણ વિકાસના ધ્યેયો***

*__પ્રિય વાચક મિત્રો,__*

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

***પોતે પોતાની 'આત્મા' ને સમજે તો એ પણ પરમાત્મા છે.***

## છોડને પાણીની નહિ, ભેજની જરૂર છે

પંચમહાભૂતમાંનું એક અગત્યનું તત્વ એટલે જળ. જો ઉપયોગ કરતા આવડે તો અમૃત અને જો ગેરઉપયોગ થાય તો ઝેર સમાન બની રહેતા આ તત્વને આપણે પાણી, નીર, આબ, ઉદક, સલીલ, જલ, વારિ, સુધા, અમી, રસ, જીવન વગેરે નામથી ઓળખીએ છીએ. પાણી એ તો ઈશ્વરની ઉદારતાનું પ્રતિક છે અને એટલે જ તે સૌને સુલભ છે. પાણી વગરના સંસારની કલ્પના કરવી પણ દોહલી છે. આજે પણ લોકજીવનમાં વ્યકિતને માપવા માટે પાણીની પારાશીશીનો જ ઉપયોગ થાય છે. જેમકે, ફલાણી જમીન કે માણસ તો પાણીદાર કે નપાણીયો છે.....પેલી દિકરી તો પાણીયાળી નીકળી હો..... અથવા ભણવામાં તેનું પાણી મપાઈ જશે....વગેરે કહેવતો અને રૂઢિપ્રયોગો આપણે ઘણી વખત ચોક્કસ સાંભળીયાં – કહયાં હશે. સજીવ સૃષ્ટિના દરેક પાસાને અત્યંત અસરકર્તા પાણીનું મહત્વ કોઈથી અજાણ્યું નથી.

કદાચ કોઈને માઠું લાગશે પણ આ હકિકત છે કે આપણે કયારેય પાણીની કિંમત કરી જ નથી. ખેતીમાં આડેધર અપાતું છુટુ પિયત હોય કે ઉદ્યોગો દ્વારા ફેલાવાતું જળ પ્રદુષણ, ગૃહિણીઓ દ્વારા ઘર વપરાશમાં થતો બેફામ દુરૂપયોગ હોય કે આપણા સૌનો રોજીંદો વ્યવહાર પરંતુ પાણીનો બગાડ સૌને કોઠે પડી ગયો છે. પાણીને સાવ પાણીના મૂલે વેડફવાથી જાણે કે હોડ લાગી છે.

વિશ્વના તમામ વ્યવસાયોની વાત કરીએ તો પાણીનો સૌથી વધારે ઉપયોગ કરતા વ્યવસાયમાં ખેતી અગ્રક્રમે આવે છે. અને તેમાં પણ જો વૈશ્વિક સ્તરે એકમ વિસ્તારમાં પાણીના ઉપયોગ અને તેની સામે ઉત્પાદનના આંકડાનો ગુણોતર માંડીએ તો ખેતીમાં પાણીનો વધુ પડતો ઉપયોગ (કે વેડફાટ...) કરતા દેશોના લીસ્ટમાં આપણે પહેલી હરોળમાં ઉભા છીએ.


પિયત આપવામાં પાણીની બચત કરવા અંગે કેટલાક ખેડૂતો સાથે વાત કરી તો સાંભળવા મળ્યું કે, 'હવે તો થોડા સમયમાં નર્મદાના પાણીથી આપણા સૌરાષ્ટ્રના બધા જ ડેમ ભરાઈ જવાના છે. પછી શું ચિંતા કરવી!!!! હવે તો ધરતીને પાણીથી સાવ ધરવી દેવી છે.' હવે આવી વિચાર ધારાવાળાને શું કહેવું ? અરે ભલા માણસ, અતિની કોઈ ગતિ હોય છે ખરી ? વધુ પિયત આપવાથી કાંઈ ઉતારો થોડો વધુ આવે??


વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે ખેડૂતોના કાર્યક્રમમાં એક સરસ ઉદાહરણ આપ્યું હતું કે કોઈ માણસને ખૂબ જ તરસ લાગી હોય તો તમે પાંચ, દસ કે પંદર બાલટી ભરીને તેના પર પાણી રેડશો, તો પણ તેની તરસ નહી છીપાય. પરંતુ જો તેને એક પ્યાલો કે ભલે અડધો ભરેલો પ્યાલો હોય પણ

*'કટાઈ' જવા કરતા 'ઘસાઈ' જવું વધારે સારૂં છે.*

પાણી પીવડાવો તો તેની તરસ છીપાશે.
બસ એવી જ રીતે પાકના છોડવાઓને પાણીથી માથાબોળ નવડાવવાની જરૂર નથી માત્ર તેના મૂળ વિસ્તારમાં યોગ્ય ભેજની જરૂર છે. છોડને તેના મૂળ વિસ્તારમાં જરૂરી ભેજ ઉપલબ્ધ કરાવવા માટે ટપક સિંચાઈ જેવું ઉતમ સંસાધન એક પણ નથી. ઓછા પાણીએ વધુ વિસ્તારમાં અને વધુ વખત પિયત આપી શકાય તે માટે વિવિધ સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો આશરો લેવો જરૂરી છે. ટપક સિંચાઈ, ઝમણ પાઈપ, રેઈનગન, ફુવારા(સ્પ્રીકલર) પદ્ધતિ વગેરે ફરજીયાત અપનાવીને પાણી બચાવવાનો સમય પાકી ગયો છે.૨૨ મી માર્ચને દુનીયા આખીમાં વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ચારે તરફ પાણી જેવી પ્રવાહિતા, પારદર્શિકા અને પોષકતાની ઠાલી વાતો થશે અને પાણીના વેડફાડ અને બચત અંગે કિંમતી ભાષણો સાંભળવા મળશે. પરંતુ અંગ્રેજી કહેવત 'ચેરીટી બીગીન્સ એટ હોમ....' અનુસાર જયાં સુધી હું અને તમે જાતે જ પોતાના દૈનિક વપરાશમાંથી બે–પાંચ લીટર પાણીની બચત કરતા નહિ થઈએ તો ટૂંક સમયમાં જ ગમે તેવા પાણીયાળા હોઈશું તો પણ બધું પાણી હવા થઈ જશે.

***સંકલન : નરેન્દ્ર પોકીયા***





***સફળતાને નિષ્ફળતાથી મેળવો.***

## જાગૃતિ અભિયાન

અમરેલી, બાબરા, ખાંભા, જાફરાબાદ, ઉના અને ગીરગઢડા તાલુકાના ગામોના ખેડૂતો માટે ખેતિ પધ્ધતિઓ પર ચાલી રહેલ કામોની અસર તપાસવા તથા વૈજ્ઞાનિક પધ્ધતિઓ પર જાગૃતિ બને તે માટે તા. ૧૨ થી ૨૨ માર્ચ ૨૦૧૯ દરમ્યાન શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખેડૂત જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ. જેમાં ડીસન્ટ વર્ક એકટીવીટી (ઉતમ કાર્ય માટેની પ્રવૃતિઓ), ખેતી સાથે સંકળાયેલા જમીન ધારકો, ભાગીયા તથા મજુરો માટે તાલીમો ડેમોસ્ટ્રેશન પ્લોટ પર ફીલ્ડ ડે, અને કલસ્ટર કક્ષાએ કાર્યશાળાઓના આયોજન કરવામાં આવ્યા હતા.

**ડીસન્ટ વર્ક એકટીવીટી (ઉતમ કાર્ય) :**

બીસીઆઈ પ્રોજેકટ અંતગર્ત પ્રોજેકટ વિસ્તારના ગામોમાં આ અભિયાન દ્વારા એલજી ખેડૂત મીટીંગ સાથે કપાસના પાકમાં સ્વાસ્થ્ય અને સલામતી, બાળમજૂરી, બળજબરીથી મજૂરી, બીનભેદભાવ તથા મંડળ બનાવવાની સ્વતંત્રતા જેવા મુદાને ધ્યાનમાં લઈ બેનર્સ, હોર્લ્ડીગ્ઝ, પત્રિકાઓ (આઈઈસી) વિતરણ, સુત્રોચ્ચાર દ્વારા ખેડૂતોને જાગૃત કરવા માટે પ્રયાસો હાથ ધરાયા હતા. ઉપરાંત ખેતી સાથે સંકળાયેલા જમીન ધારકો, ભાગીયા તથા મજુરો માટે તાલીમો યોજાઈ હતી.



**જે સૌદર્યમાં ભોળપણ ન હોય તે બનાવટી સૌંદર્ય છે.**

**ડેમોન્સ્ટ્રેશન અને ફિલ્ડ ડે :**
ચરખાં, મોટા સમઢીયાળા તથા કડીયાળી મુકામે ખેડૂતોના ખેતર પર જુદા જુદા ડેમોસ્ટ્રેશન જેવાં કે પંચગવ્ય, વર્મીકમ્પોસ્ટ અને જીવામૃત બનાવાની રીત તથા ઉપયોગ કરવાની રીત વિશે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા માહિતી આપવામાં આવી.

**ખેડૂતોની કાર્યશાળા :** ખેડૂતોની કાર્યશાળામાં ખેડૂતોને ખેતીલક્ષી વાત કરી હતી. તાલીમ દરમ્યિાન બાબરા, ખાંભા અને ટીંબી વિસ્તારના અંદાજીત ૯૦૦ ખેડૂતો કાર્યશાળામાં જોડાયા હતા. કાર્યશાળા દરમ્યિાન કપાસના પાકનું આયોજન બીસીઆઈના સિદ્ધાંતોને અનુલક્ષીને ખેતી ખર્ચ ઘટાડવા માટે ખાતર, દવા અને બિયારણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

**એકસપોઝર વિઝીટ :** ખેડૂતોને કૃષિ લક્ષી પ્રેરણા પ્રવાસ દ્વારા કોટન સ્પીનીંગ મીલ ઢસા મુકામે ખેડૂતોને કપાસમાંથી દોરા કેવી રીતે બને અને તેમાં કઈ કઈ પ્રકારની મુશ્કેલીઓ નડતરરૂપ થાય જેવી કે, પ્લાસ્ટિકના દોરા બીડી તથા તમાકુની પડીકી જેવી વસ્તુઓ કપાસમાં ભળવાથી દોરા બનતી વખતે ખૂબ જ નડતરરૂપ થાય છે. જેની પ્રેકિટકલ માર્ગદર્શન સાથે માહિતી આપવામાં આવી. તેમજ દોરાના પ્રકાર પ્રમાણે બજાર ભાવની પણ વાત કરવામાં આવી.




**પોતાની જાતને સમય આપો, તમારી પહેલી જરૂરત તમે ખુદ છે.**

## ક્ષમતા નિર્માણ તાલીમ

તા. ૨૩ માર્ચ ૨૦૧૯ ના રોજ હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકરો તથા તા. ૨૪ માર્ચ ૨૦૧૯ ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યકરો માટે ક્ષમતા નિર્માણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સંજયભાઈ જોષીએ આ તાલીમનું સંચાલન કર્યુ હતુ.

આ તાલીમમાં સંવાદ, વાતચીત, માહિતીનું આદાન પ્રદાન, વિચારોની આપ–લે તથા સોશિયલ નેટવર્કીંગ જેવા વિષયોને આવરી લેવાયા હતા. રોલ પ્લે તથા નાટકો દ્વારા લોકો સમક્ષ આપણી રજુઆત અસરકારક નીવડે અને માનવ જીવનમાં ઉપયોગી બની રહે તેવી બાબતો સમજાવી. બાળ મજૂરી પરના ચાર્ટ પર ચર્ચા કરવામાં આવી હતી. કોઈપણ પોસ્ટર કે ચાર્ટ બનાવતી વખતે એ ખ્યાલ રાખીએ કે કોઈ નકારાત્મક બાબતો તેમાં રજુ ન થાય. એવું દર્શાવો કે લોકોના મનમાં હકારાત્મકતા ઉત્પન્ન થાય.

આ તાલીમમાં ભાષણ, જુથચર્ચા, વિવિધ રમતો, ચાર્ટ, પ્રશ્નોતરી, સમુહ ચર્ચા જેવી પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

બંને સંસ્થાના કાર્યકરોને આ તાલીમ ખુબજ ઉપયોગી થઈ છે અને તેઓ પોતાના કાર્યમાં તેનો ઉપયોગ કરશે તેવું તેમના પ્રતિભાવો પરથી જાણવા મળ્યુ છે.



***વૃતિ શ્રેષ્ઠ હોય તો કોઈપણ પ્રવૃતિ 'શ્રેષ્ઠ' જ થવાની.***

## લર્નીંગ એનરીચમેન્ટ પ્રોગ્રામ ટ્રેનિંગઃ

જાફરાબાદ તાલુકાના ભાકોદર અને રાજુલા તાલુકાના કોવાયા અને ભેરાઈ ગામે ફેબ્રઆરી ૨૦૧૯થી લર્નીગ એનરીચમેન્ટ પ્રોગ્રામનો આરંભ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા થયો. પ્રોગ્રામ સ્ટાફની નિમણુંક થતા તેની તાલીમ તા. ૨૩ થી ૨૫ માર્ચ ૨૦૧૯ દરમિયાન યોજાઈ. ૨૩મીના રોજ સંજયભાઈ જોષી એ માર્ગદર્શન આપ્યુ. જેમાં બાળકોને કેમ શાળા સુધી પહોંચાડવા અને બાળકો સાથે મૈત્રીભાવવાળો વ્યવહાર કરવામાં આવે તેવી વાતો શીખ્યા.

બીજા દિવસે શ્રી ભરતભાઈ વાળાએ મફત અને ફરજીઆત શિક્ષણ વિશે માહિતગાર કર્યા હતા. તેમજ બાળકોને લગતા કાયદા અને એકટ પર ચર્ચા કરવામાં આવી હતી. બાળકોને લગતાં હક અને અધિકારની વાત કરવામાં આવી હતી. શ્રી પ્રેમલભાઈ જોષીએ શાળા વ્યવસ્થાપન સમિતીની રચના અને સંચાલનની વિગતો સમજાવી. હીરલબેન ગોસાઈ દ્વારા બાળકોને શુદ્ધતા પૂર્વક કેમ બોલતાં શીખવાડવું અને ઉચ્ચાર કઈ રીતે બોલાવવા તેમજ શિક્ષણ સંવર્ધન માટે તૈયાર કરાયેલ શીખવા શીખવવાના સાહિત્ય (ટીએલએમ)ના ઉપયોગ પર ચર્ચા કરી હતી. પીનલ જસાણીએ જુદા જુદા ચિત્રો બનાવી તે બાળકોને ભણવામાં મદદરૂપ થાય તેવા સાધનો બનાવીને રજુ કરવામાં આવ્યા. ત્રીજા દિવસે એપ્રીલથી ઓગષ્ટની પ્રવૃતિઓનુ આયોજન કર્યુ અને આ તમામ પ્રવૃતિઓની વિગતવાર સમજ કેળવી તાલીમ પુર્ણ કરવામાં આવી હતી.




'મનુષ્યો' કર્મોથી મહાન બને છે, જન્મથી નહિ.

**Happy Birthday**

| | |
|---|---|
| Rohit Mokariya | 01.04.1994 |
| Valkubhai Gohil | 12.04.1975 |
| Premal Joshi | 24.04.1983 |
| Hiren Gohil | 25.04.1996 |
| Kaushik Pandya | 27.04.1977 |

**In this month**

13 Farmers workshop Amreli and field day Charkha.

14 Farmers workshop Khambha and field day Samadhiyala.

15 Farmers workshop at Timbi

19 PIMC meeting of Jafrabad And Gir farms company.

22 EC of SS and Policy intervention in key thematic areas of Rainfed regions in Gujarat.

23-25 Capicity building program for Education fecilitators.

23 Capicity building program on child labour for Hariraj team.

24 Capicity building program on child labour for SSKK team.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org